## સુપ્રભાતમ્



સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ખેલ-કુંભમાં સંગીત-ખૂરશી રમાઈ ગઈ !*
*પૂછાતો નો'તો ભાવ એ વ્યક્તિ જમાઈ ગઈ!*
*સમાઈ ખટપટો હવે હુ-તુતુતુમાં બધી -*
*બિલાડીઓને લડાવી પાર્ટી કમાઈ ગઈ!*

હાઈકુ

*ટાંટિયા ખેંચે,*
*નિષ્ઠાવાન 'આઉટ' -*
*ખેલ કબડ્ડી!*

*ખેલ ખો-ખો નો,*
*સજાગ ન રહો તો -*
*મળી જાય ખો...*

*(ચૂંટણી મહાકુંભના ખેલ)*

### ચિંતન

*અનન્તર પ્રકૃતિઃ શત્રુ ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**જે દેશોની સીમાઓ - સરહદો પરસ્પર મળતી હોય છે. એમની વચ્ચે સરહદ અંગે મતભેદ અને કલહ ચાલતો રહે છે. આથી આવા પાડોશી રાષ્ટ્રોથી સતત સાવધ રહેવું જોઈએ. કારણ કે તે ગમે તે પળે શત્રુ બની આક્રમણ કરે એવી સંભાવનાઓ હોય છે.**

**આપણી સરહદના પાડોશી દેશો ચીન-પાકિસ્તાન સ્વભાવે જ લુચ્ચા અને જુઠ્ઠી પ્રકૃતિના દેશો છે એમને આપણા વિકાસની ઈર્ષા છે તેથી તેવા લોકો મૈત્રીનો દેખાવ કરે તો પણ સાવધાની રાખવી જોઈએ.**

**આપણી આંતરિક વૃત્તિઓ બાહ્ય રીતે શાંત દેખાતી હોય છે પણ લાગ-તક મળે આપણા મન પર હુમલો કરી 'પતન' ના માર્ગે લઈ જાય છે. સાવધ રહેવું.**

### સુવિચાર

- મૌન એટલે બોલતા શબ્દોની જ ગેરહાજરી નહીં,
  પણ અંદરથી ઊઠતા શબ્દો વિચારોની પણ ગેરહાજરી? - **અનામી**
- જિંદગાની કામ મઝા મિલતા થા, જિનકી બઝમ્ મેં,
  ઉનકી કબરોં કા ભી અબ મુઝકો પતા મિલતા નહીં - **ઈકબાલ**
- ગજ કાતર લઈને બેઠો દરજી તો દીન દયાળ,
  વધે ઘટે એને કરે બરાબર, સૌની લે સંભાળ - **અખંડ આનંદ**
- નાદાનને માટે ચૂપકીદી કરતાં કોઈ વાત બહેનત નથી અને અગર
  એને આ વાત પસંદ હોય તો નાદાન ન હોત - **વિચારદીપ**
- માણસ પણ કેવું જટિલ પ્રાણી છે, તે રણમાં પાણી ભરવા માંગે છે ને સરોવરને સુકવવા માંગે છે - **ઓશો**
- માણસ દાદાગીરી કરે તેને બદલે ટહુકાગીરી કરવાનું રાખે તો યુદ્ધ ટળે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : જાંબુના ઠળિયાને પાણીમાં ઘસીને તે પેસ્ટ ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર પાસે ઘણા બધા પુસ્તકો હતા. તેમના અંગત પુસ્તકાલયના આ બધા કિંમતી તથા ઉત્તમ ગ્રંથોને ઈશ્વરચંદ્ર ખૂબ સંભાળતા અને જીવની જેમ સાચવતા. પુસ્તકોની યાદી, એકમેક પુસ્તક રજીસ્ટરમાં નોંધાયેલું હોવું જોઈએ. પુસ્તકનું આવનજાવન પણ ચીવટપૂર્વક લખાયેલું હોય. એકવાર એક જમીનદાર તેમનાં આ અંગત પુસ્તકાલયમાં આવ્યો. અને કહ્યું, 'આવા આટલા બધાં પુસ્તકો પાછળ આટલો બધો ખર્ચ કરવાની જરૂર શી છે.'

ઈશ્વરચંદ્ર જમીનદારની વાતથી મનોમન ગુસ્સો પણ થયા. પણ તેમને જમીનદારને એટલું જ કહ્યું, 'શેઠ, આ જે શાલ તમે ઓઢી છે તે ખરેખર ખૂબ કિંમતી છે. એના બદલે દસ રૂપિયામાં મળતો કામળો ઓઢ્યો હોત ??' ઈશ્વરચંદ્રની ધારદાર વાત જમીનદારને જોરદાર તમાચાની જેમ વાગી... અને તરત ચૂપચાપ ત્યાંથી રવાના થયા.

# ભારતીયતા જ શ્રેષ્ઠ છે...

**તંત્રીસ્થાનેથી...**

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડા પાટે ચડી ગઈ છે. ભારતીય જનતા પાર્ટી ભૂતકાળ વાગોળ્યા કરે છે અને કોંગ્રેસ પાર્ટીને ખુદ ગાંધીજી સમાપ્ત કરવા માગતા હતા એવો પ્રચાર કરી 'બાપુ'ના કરી શક્યા તે અમે કરી રહ્યા છીએ અને એમનું સપનું સાકાર કરી રહ્યા છીએ એવો દાવો કરી રહી છે. શું મહાત્મા ગાંધીએ ક્યારેક ભાજપની વિચારસરણી સ્વીકારી હોત ? સરદાર પટેલે ક્યારેક ભગવો ખેસ ધારણ કર્યો હોત ? નવી પેઢીને ક્યાં ખબર છે કે આઝાદીના એ લડવૈયાઓ માટે સાંપ્રદાયિકતાનું સપનું પણ કેટલું બિહામણું હતું ! સાંપ્રદાયિકતા સામે જાતે કુરબાન થઈ જવાનું પસંદ કરનારા એ પવિત્ર રાષ્ટ્રપુરુષોનાં નામ પર રાજકારણ કરવાનો અધિકાર ન તો નવા સ્વરુપે વિકસેલી કોંગ્રેસને હોવો જોઈએ કે ન ભારતીય જનતા પાર્ટીને. બલકે સરદાર પટેલે તો રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પર પ્રતિબંધ મૂક્યો હતો, તે ભાજપના રાષ્ટ્રીય નેતાઓ કેમ ભૂલી જાય છે ? રાહુલ ગાંધીએ પણ ચૂંટણી જીતવા ભાજપનાં જ હથિયાર અને હથકંડા અપનાવી કોંગ્રેસના ગાંધી ચીંધ્યા માર્ગથી ફંટાવાનું પસંદ કર્યું છે. સમજણ આવ્યા બાદ ગાંધીજી ક્યારેય કોઈ મંદિરમાં ગયા નહોતા. ઊલટાનાં એમણે તો કસ્તુરબા અને મહાદેવ દેસાઈને જગન્નાથ પુરી મંદિરે દર્શન કરવા બદલ આકરો ઠપકો આપ્યો હતો. રાહુલના પિતામહ પારસી હતા પરંતુ એમણે માતૃપ્રધાન પરિવાર શૈલી અપનાવી હોઈ તેઓ શિવભક્ત ઈંદિરા ગાંધીના વારસ પણ છે. બલકે જનોઈધારી કાશ્મીરી બ્રાહ્મણ હોવાનો તેઓ અધિકારપૂર્વક દાવો કરી શકે એમ છે. ઈંદિરા ગાંધી ગુજરાતમાં આવતાં ત્યારે અંબાજીનાં દર્શન કરીને પ્રચાર યાત્રા શરૂ કરતાં. મા આનંદમયી સાથેના એમના સંબંધો પણ જાણીતા છે. સોનિયા ગાંધી ચુસ્ત કેથોલિક સંસ્કારો ધરાવતાં હોવા છતાં રાજીવ ગાંધી સાથે પરંપરાગત હિંદુ વિધિથી પરણ્યાં હતા અને કુંભ મેળા વખતે ગંગાજીમાં ડૂબકી પણ લગાવી ચૂક્યાં છે. ભારતીય જનતા પાર્ટીએ ધર્મના નામે રાજકારણનો નવો શિરસ્તો શરૂ કર્યો અને નાછૂટકે રાહુલ ગાંધીને પણ મૃતપ્રાય કોંગ્રેસને પુનર્જીવિત કરવા એ જ રસ્તે ચાલવાની ફરજ પડી છે. તેઓ ધર્મની દલાલી નથી કરતા તે સાચું છે, પરંતુ કોંગ્રેસેન અત્યાર સુધી જે માર પડ્યો છે તે લઘુમતીના તુષ્ટીકરણને કારણે જ પડ્યો છે. આખરે દેશ તેવો વેશ કાઢીને રાહુલે પણ મોદીના પેંગડામાં પગ ઘાલીને ઘોડો પલાણ્યો છે. દેશ માટે આવી સાંપ્રદાયિકતા રાજનીતિ લાંબા ગાળે નુકશાનકારક જ નીવડવાની છે. પંડિત જવાહરલાલ નહેરુએ રાજકારણ અને સરકાર ધર્મના વાડામાં ન પુરાય એની તકેદારી લેખે જ તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદને સોમનાથ મંદિરના ઉદ્ઘાટનમાં હાજરી નહીં આપવાની સલાહ આપી હતી. નહીંતર 'નાસ્તિક' ગણાતા નહેરુએ એમના મૃત્યુ પછી એમનાં અસ્થિ તો ગંગાજીમાં જ પધરાવવાનું વિલ કર્યું હતું ! આ આપણી ભારતીયતા છે, જેનો કદાચ ભારતીય જનતા પાર્ટી જુદી રીતે અર્થ કરતી રહી છે !

# ચપરાસી મંત્રી પદનો લાયક બને પણ પોતાની જરૂરીયાતો ચપરાસી જેટલી જ રાખે !

**કોઈ મંત્રી કે ધારાસભ્ય બાંધેલું વેતન લેવા માટે બંધાયેલો નથી : ગાંધી**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજી સમક્ષ અનેક સવાલોનું માર્ગદર્શન સમયે સમયે મેળવવા માટે લોકો પ્રયાસ કરતા હતા. ગાંધી પણ દરેક પ્રશ્નનો અચૂક ઉત્તર આપતા હતા. ગાંધીને બકરીના દૂધથી માંડી દેશ-દુનિયાના અનેક જાગતિક સવાલોના જવાબ આપવાના આવતા હતા. આવી જ રીતે ગાંધીજી સમક્ષ એક સવાલ ધારાસભ્યો અને મંત્રીઓ વેતન-ભથ્થા સંબંધે પણ પૂછવામાં આવ્યો હતો. દેશ આઝાદ થયો એના એક વર્ષ પહેલાં ૧૯૪૬માં એક જિજ્ઞાસુ ભારતીયનો સવાલ હતો, પ્રાંતિક ધારાસભામાં મંત્રી અને સદસ્યનો પગાર શું હોવો જોઈએ?

ગાંધીજીએ આ પ્રશ્નનો ઉત્તર આપતા જે સદસ્ય અને મંત્રી તરીકે જે સાચા લોકસેવક તરીકે ધારાસભામાં ગયા છે તે લોકસેવક રૂપે પ્રજાનું કામ કરવા ગયા છે. આથી અંગ્રેજ સરકારે અત્યાર સુધી મંત્રી અને ધારાસભ્ય માટે જે વેતન નક્કી કર્યું છે એ પ્રમાણે તેઓ પગાર લઈ ન શકે. કારણ કે તેઓ પ્રજાના સેવક છે. ગાંધીજી વધુ સ્પષ્ટ કરતાં કહે છે, 'મંત્રી-સભ્યના પદ માટે પગારની નિશ્ચિત રકમ નક્કી કરવામાં આવી છે એટલે પગાર-ભથ્થા લઈ શકે. પગાર તો એવા લોકો માટે છે કે જેઓ 'કશું લીધા વગર આસાનીથી એટલે કે સેવાભાવથી પ્રજાનું કામ નથી કરી શકતા.'

ગાંધીના શબ્દોમાં પ્રજાના પ્રતિનિધિ તરીકે મંત્રી કે ધારાસભ્યનો પગાર એટલે લોકોની સેવા કરવી એમને કોઈ પણ પ્રકારનો પગાર આર્થિક રૂપમાં લેવો જોઈએ નહીં. ગાંધીજી કહે છે ભારતની સૌથી ગરીબમાં ગરીબ વ્યક્તિનો પ્રતિનિધિ છે. એવા લોક પ્રતિનિધિને જે કોઈ પગાર કે ભથ્થાની પાઈ કે રૂપિયો એ તે ગરીબોની કમાણીમાંથી આવે છે. આ રીતે ગરીબની કમાણીમાંથી તેઓએ કોઈ પગાર કે ભથ્થા ન લેવા જોઈએ એ મહત્ત્વની વાત પ્રજાના પ્રતિનિધિઓએ ધ્યાનમાં રાખવી જોઈએ.

આ સંદર્ભનાં અન્ય એક સવાલના જવાબમાં ગાંધીજી કહે છે કે પ્રજાના પ્રતિનિધિઓ તરીક ચૂંટાયેલા ભિન્ન-ભિન્ન લોકો અને તેમની ભિન્ન-ભિન્ન કોમ(જ્ઞાતિ) ના સંદર્ભે તેમની જરૂરિયાતો અલગ-અલગ હોય છે. એટલે આજે એક પ્રકારનું અંતર પ્રજા અને તેણે જ ચૂંટેલા સેવક વચ્ચે પેદા થયું છે. પ્રજા અને પ્રજાના સેવક વચ્ચેનું અંતર ઘટાડવા તેમણે ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે જબરદસ્તી કે સત્યાગ્રહના નામે આંદોલનનો આધઆર લઈને આપણે 'ખાઈ' દૂર નહીં કરી શકીએ પણ એક પ્રજા સેવક કેવો હોવો જોઈએ એ આદર્શ સમાજ સમક્ષ રાખીને શાંત આંદોલન દ્વારા સમગ્ર દેશમાં લોકમત ઊભો કરવો જોઈએ. પ્રજા અને તેના પ્રતિનિધિ વચ્ચેનું અંતર આ રીતે ઘટાડી શકાય એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ગાંધીજીએ આ મુદ્દે વધુમાં વધુ આકરા શબ્દો ગણાવી શકાય તેવી રીતે સહજતાથી થોડામાં ઘણું કહ્યું હતું. ધારાસભ્ય કે મંત્રી પગાર-ભથ્થા મેળવે એ વાત તેમને ગળે ઉતરતી જ નહીં તેમ છતાં તેમણે આ મુદ્દે બહુ શાંત ચિત્તે સમગ્ર ભારતીય સમાજને સમજાવવા પ્રયાસ કર્યો હતો. ગાંધી કહે છે, 'મંત્રી અને ધારાસભ્ય પ્રજામાંથી જ હોય છે, બહારનો કાંઈ હોતોન થી. જો મંત્રી બનતા પહેલા તેની જરૂરિયાત ચપરાસીઓ (પટ્ટાવાળા - સેવાકર્મી) જેવી ન હતી તો ધારાસભ્ય કે મંત્રી બન્યા બાદ એની જરૂર કેવી રીતે પડે ? ગાંધીએ એવો મત વ્યક્ત કર્યો હતો કે હું એવી ઈચ્છા વ્યક્ત કરું કે ચપરાસી મંત્રી પદનો લાયક બને અને તો પણ પોતાની જરૂરીયાતો ચપરાસી જેટલી જ રાખે !'

આટલી સ્પષ્ટ વાતો પછી પણ ગાંધીએ સોય ઝાટક્યા વગર એક સરસ મજાનું વાક્ય કહ્યં છે એ આજના સમય સંદર્ભમાં પણ વાંચવા વિચારવા જેવું અને ખાસ તો પ્રજાના પ્રતિનિધિઓએ જાહેર જીવનમાં લાગુ પાડવા જેવું છે. ગાંધીએ ધારાસભ્યો મંત્રીઓને ઉદ્દેશીએ કહ્યું હતું : 'દરેક મંત્રી - ધારાસભાનો સદસ્ય એટલું સમજી લે કે મંત્રી કે ધારાસભ્ય તરીકે એમને જે વેતન ભથ્થા બાંધી આપવામાં આવ્યા છે એ મુજબ વેતન-ભથ્થાં લેવા માટે એ બંધાયેલો નથી.'

સંદર્ભ પુસ્તિકા : ગાંધીને કહા થા : ૧, અગર મેં ડિકટેટર હોતા, સસ્તા સાહિત્ય મંડલ, પ્રકાશન, નવી દિલ્હી, ૧૯૬૧)

*(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)*

# ડૉ. નાથાલાલ ગોહિલ : સંતદર્શનના મરમી સાધક



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

"આ જગતમાં જન્મથી માંડી મૃત્યુ સુધી કોઈને કોઈ ભયથી ઘેરાયેલા આપણે રહીએ છીએ. સૌથી મોટો ભય મૃત્યુનો છે. રોગ, પીડા, એકલતા તથા વૃધ્ધાવસ્થાનો ભય. આ ભય નાશ કરવાનું અમોઘ સાધન તથાગત બુધ્ધે 'ભય ભેરવ સુત્ત' માં જણાવ્યું છે. તેનો સાર એટલો કે મનસા, વાચા કરમણા પરિશુધ્ધ એ સદા સર્વદા અભયપદ માટેની પૂર્વભૂમિકા છે. માયલા મેલ ધોયા પછી, નિર્ભય થયા પછી અભયપદ માટેની પૂર્વભૂમિકા છે. આમ થાય ત્યારે આ કાચી માટીના પિંડમાં ચિનગારીનો તણખો પડતાં પડતાં આત્મજ્યોત પ્રગટી ઊઠશે."

ઉપરના શબ્દો કેશોદ (જૂનાગઢ જિલ્લો)ના અધ્યાપક ડૉ. નાથાલાલ ગોહિલની અનુભવસિધ્ધ કલમમાંથી ટપકેલા છે. જેણે અંતરની અનુભૂતિના મરમને સમજીને માણ્યો છે તેવા પ્રાધ્યાપક નાથાભાઈ 'મળવું ગમે તેવા માણસ' છે. ગુજરાતી સંત સાહિત્યના સંશોધન તથા સંપાદન ક્ષેત્રે જેમનું નોંધપાત્ર યોગદાન છે એવા નાથાભાઈએ એક અભ્યાસુ અધ્યાપકને છાજે તેવું કાર્ય કરેલું છે. અગમ દેશના પથિક નાથાલાલ ગોહિલ વિષે અનેક સુવિખ્યાત વિદ્વતજનોએ લખ્યું છે. આવા લેખોનું સંપાદન કરવાનું કાર્ય ડૉ. મનોજ રાવલ, ડૉ. રમેશ સાગઠિયા તેમજ ડૉ. જીવરાજ પારઘીએ મહેનત અને કાળજીથી કરેલું છે. (અગમ દેશનો પથિક : નાથાલાલ ગોહિલ) આ ત્રણે જ્ઞાન સમૃધ્ધ મિત્રો આ કાર્ય માટે આપણાં અભિનંદનના અધિકારી બને છે. નાથાભાઈની જ્ઞાન સમૃધ્ધિની ઝાંખી આ પુસ્તકના માધ્યમથી સારી રીતે થઈ શકે તેમ છે. મધ્યકાલિન સંત સાહિત્યનું કપરું છતાં આત્મ સંતોષ આપે તેવું કાર્ય નાથાભાઈએ ધૂણી ધખાવીને કરેલું છે. અધ્યાપકે સ્વાધ્યાયના કાર્યમાં કદી પ્રમાદ ન સેવવો જોઈએ તેવી ઉપનિષદની સલાહ નાથાભાઈએ જીવનમાં ઉતારી છે.

આપણાં અનેક નામી — અનામી સંત-ભક્તજનો તરફ નજર કરીએ ત્યારે પ્રતિતિ થાય છે કે દેશની આ ઉજળી સંત પરંપરા અને તેના ધન્યનામ વાહકોએ સમાજની દોરવણી કરેલી છે. આ સંતોએ જાતિ તથા સંપ્રદાયથી પર એવા પરમ સત્યનો સાક્ષાત્કાર કરેલો છે. આ સંતોની વાણી એ અનુભવસિધ્ધ હતી. સરળ હતી. આ ધારા ગંગોત્રીના પ્રવાહની જેમ સહજ તથા પ્રાકૃતિક હતી. સબદ અને સુરતાનો અનોખો સંગમ આ સંતોની ભજનવાણીમાં નજરે ચડે છે. સંતોની 'સબદ' ની પસંદગી ન્યારી-નિરાળી છે. કબીર સાહેબ કહે છે :

સબ્દ સબ્દ બહુ અંતરા
સાર સબ્દ ચિત્ત દેય
જા સબ્દૈ સાહેબ મિલૈ
સોઈ સબ્દ ગહિ લેય.
સબ્દ સબ્દ સબ કોઈ કહૈ
સબ્દ કે હાથ ન પાંવ
એક સબ્દ ઔષધિ કરે
એક સબ્દ કરે ઘાવ.

ભજનવાણીની આ ભાતીગળ પરંપરામાં ભાણ સાહેબ તથા રવિ સાહેબ એ સૂર્ય સમાન સદાકાળ પ્રકાશીત રહે તેવા પરોપજીવી સંતો છે. સ્વામી આનંદે જે શિલવાન સાધુઓની માર્મિક વાતો કરી છે તે તમામ ગુણ આ ભાણફોજના હાકેમોમાં નીરખી શકાય છે. આવા સંતોના દર્શનથી કે મીલનથી નરી પ્રસન્નતાનો ભાવ છલકી ઊઠે છે. રવિ સાહેબે તેની શાક્ષી પૂરી છે.

આનંદ ઘડી હેતે ભજવા હરિ
મારો સાયબો સોહાગી મળિયા આનંદ ઘડી.
સત્ સબદ મારા ગુરુએ સુણાયો
જોતાં રે જોતાં અમને વસ્તુ જડી..
કહે રવિરામ સંતો ભાણ પ્રતાપે
અગમ આસન પર સુરતા ચડી..
મારો સાયબો સોહાગી મળિયા..

સંતોની સમગ્ર વાણી એ ચિત્તની પ્રસન્નતા આપનારી તથા અંદરના અજવાળાને ઝળહળા કરનાર છે. આપણી અંદરની ચેતના જો કાળના કપરા પ્રવાહમાં ઝાંખી પાંખી થઈ હોય તો તેને સંકોરીને પુનઃ પ્રકાશીત કરે તેવી શક્તિ આ વાણીમાં છે. મધ્યયુગના ઘણાં સંતોએ ચીલાચાલુ બાહ્ય આચરણ કરતા અંતરની ઉત્કટતાને વિશેષ મહત્વ આપેલું છે. દાસી જીવણની વાણીમાં પણ આવો શુધ્ધ સ્નેહયુક્ત ભક્તિ તથા શ્રધ્ધાનો ભાવ છે.

શીદને કરું હું એકાદશી
શીદ ત્રીજે ટંક ખાઉં
નાથ મારાના નેણલાં નીરખી
પ્રિતનું ભોજન પાઉં.
દાસી જીવણ સંત ભીમના ચરણે
હું તો હેતે હરિ ગુણ ગાઉં.

આપણો એ સામાન્ય અનુભવ રહેલો છે કે બાહ્ય આચારો તેમજ ક્રિયાકાંડ પ્રાધાન્યને કારણે કેટલીક વખત ધર્મનું મૂળ તત્વ ઝાંખું પડે છે. ધીમે ધીમે કેટલાક ક્રિયાકાંડ અમુક સંપ્રદાયના પ્રમુખ ચિન્હો સમાન બની જાય છે. ક્રિયાકાંડનું મહત્વ સ્વીકારીએ તો પણ અંતે તો ધર્મના મૂળ તત્વ તરફની ગતિજ માનવીને ઉર્ધ્વગતિનો અનુભવ કરાવે છે. કબીર સહિતના આપણાં મધ્યયુગના સંતો ભક્ત હોવા ઉપરાંત સામાજિક સુધારણાના પ્રણેતા હતા. આઝાદીની ચળવળમાં ક્રાંતિકારીઓ ચીલો ચાતરીને ચાલ્યા તેમજ બ્રિટીશ સત્તાને વીરતાપૂર્ણ પડકાર કર્યો. આજ રીતે આપણાં આ સંતો પણ ક્રાંતિકારીઓ હતા. સમાજમાં જ્યાં ધર્મના નામે પાખંડ કે અંધશ્રધ્ધાના તેમને દર્શન થયા ત્યાંજ તેમણે આવી બાબતોને પડકારી. અન્યાયી સામાજિક નિયંત્રણો કે રૂઢિઓને આ સંતોએ કદી પણ સ્વીકાર્યા નથી. આવી બાબતોને આ વીર સંતોએ હાક મારીને પડકારી છે. નરસિંહનો પણ આવોજ મીજાજ પ્રગટ થયેલો જોવા મળે છે.

એવા રે અમે એવા
તમે કહો તો વળી તેવા
ભક્તિ કરતા જો ભ્રષ્ટ કહેશો
તો કરશું દામોદરની સેવા.

સંત સાહિત્યની અવિરત આરાધના કરી તેનું રસપાન કરાવનારા કેટલાક નામી સર્જક — સંપાદકોમાં નાથાભાઈનું સ્થાન મહત્વનું છે. તેમના કાળજીપૂર્વકના તથા હેતુલક્ષી આયોજનના કારણે સંત સાહિત્યનો વિશાળ રસથાળ આપણાં સુધી પહોંચ્યો છે. સંતવાણીની આ સમગ્ર વાત ગંગાસતીના ઉલ્લેખ સિવાય અધૂરી રહે છે. ગંગાસતીએ પાનબાઈને સંબોધીને જે ક્ષણને સાર્થક કરી લેવાની વાત કહી છે તે આપણે સૌએ હૈયે ધરવા જેવી તથા આચરણમાં મૂકવા જેવી છે.

વીજળીને ચમકારે મોતી પરોવવું
પાનબાઈ ! અચાનક અંધારા થાશે.
જોત જોતામાં દિવસો વહી ગયા
પાનબાઈ ! એકવીસ હજાર છસોને કાળ ખાશે.
ભાઈ રે ! પિંડ બ્રહ્માંડથી પર છે ગુરુ
પાનબાઈ ! તેનો દેખાડું તમને દેશ
ગંગાસતી એમ બોલીયાં રે
ત્યાં નહિ માયા જરીએ લેશ.
વીજળીને ચમકારે મોતી પરોવવું...

# ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી ૪૯નું અધિવેશન ૨૩ થી ૨૫ ડિસેમ્બરે



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રમાં માનવ મૂલ્યોની ગરિમા કરવાની સાથોસાથ સકારાત્મક લેખન કરીને સમાજને સાર્થક દિશા આપવા માટે સર્જક-પત્રકારને પ્રતિવર્ષ પ્રતિષ્ઠિત 'આચાર્ય તુલસી સન્માન' આપવામાં આવે છે. સાંપ્રદાયિકતા અને સંકુચિત જાતિ ભેદથી દૂર રહીને માનવીય મૂલ્યોની પ્રતિષ્ઠા માટે સર્જન કરનાર ભારતીય લેખક - પત્રકારને આ સન્માનથી નવાજવામાં આવે છે. ગુજરાતના પ્રસિદ્ધ લેખક, પત્રકાર અને જૈનદર્શનના વિચારક ડૉ. કુમાર પાળ દેસાઈને, ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ ઓ.પી. કોલજીની અધ્યક્ષતામાં તા. ૧૨મી નવેમ્બર, ૨૦૧૭ના રોજ, પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમ ખાતે અર્પણ કરાયો, જેમાં એક લાખ રૂપિયાનો પુરસ્કાર, શાલ અને માનપત્ર અર્પણ કરાયા હતા. આ પૂર્વે રામનમનોહર ત્રિપાઠી બાલકવિ વૈરાગી, ડૉ. કનૈયાલાલ નંદન જેવા રાષ્ટ્રના મહત્ત્વનાં અખબારો અને સામયિકો સાથે સંકળાયેલ રાષ્ટ્રીય પ્રતિભાઓને આ એવોર્ડ પ્રાપ્ત થયેલા છે. આચાર્ય તુલસી-મહાપ્રજ્ઞ વિચાર-મંચના અધ્યક્ષ રાજકુમાર પોગલિયાએ જણાવ્યું હતું કે અણુવ્રતના માનવીય મૂલ્યો અને સિદ્ધાંતોના પ્રચાર, પ્રસાર માટે દેશની પ્રમુખ સંસ્થા 'આચાર્ય તુલસી-મહાપ્રજ્ઞ વિચારમંચ' નૈતિક મૂલ્યો પર આધારિત માનવ સમાજના નિર્માણ માટે કાર્યકરનાર પત્રકારને આ એવોર્ડ આપે છે. ગુજરાત સમાચારમાં છેક ૧૯૬૨થી વિવિધ કોલમો દ્વારા લેખન કરતા કુમારપાળ દેસાઈ આજે 'ઈંટ અને ઈમારત', 'જાણ્યું છતાં અજાણ્યું', 'આકાશની ઓળખ', 'ઝાકળ બન્યું મોતી' અને 'પારિતાજનો પરિસંવાદ' જેવી કોલમો લખે છે. પિતા જયભિખ્ખુ એ શરૂ કરેલી કોલમ 'ઈંટ અને ઈમારત' પિતાના અવસાન બાદ કુમારપાળ દેસાઈએ ચાલુ રાખેલી કોલમ છેલ્લા ૬૫ વર્ષથી 'ગુજરાત સમાચારમાં પ્રગટ થાય છે.' પિતા-પુત્રએ એક જ અખબારમાં, એક જ કોલમનું લેખન કર્યું હોય, તે પત્રકારત્વના ક્ષેત્રની એક ઐતિહાસિક ઘટના છે. તેઓ પત્રકારત્વના શિક્ષણ અને પુસ્તક - લેખન સાથે પણ સંકળાયેલા છે.

● રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૧મી જન્મ જયંતિ નિમિત્તે તેમનાં ચૂંટેલાં સ્વરચિત ગીતો અને સંશોધિત અને સંપાદિત પ્રાચીન લોકગીતો - ભજનોના સંગ્રહ 'કસુંબીનો રંગ'ની નવીન સંવર્ધિત આવૃત્તિ, વિમોચન ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી અને તેમનાં માતૃશ્રી કુસુમબેન મેઘાણી, રાજકોટના સાહિત્ય-સંસ્કૃતિપ્રેમી, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોત અને તેમનાં ધર્મપત્ની સાધનાસિંહ ગેહલોત તથા મેઘાણી ગીતોના મેધાવી લોકનાયક અભેસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં કરાયું હતું. આ ગ્રંથમાં મેઘાણીનાં ૪૬ સ્વરચિત ગીતો, ૫૪ લોકગીતો - રાસ-ગરબા અને ૩૫ ભજનો મળીને ૧૩૫ લોકપ્રિય ગેય ગીતો સમાવિષ્ઠ કરાયેલ છે.

● માતૃભાષા અભિયાન, ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ, કનોરિયા સેન્ટર ફોર આર્ટ્સ તેમજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 'પરસ્પર : મારી દૃષ્ટિએ મરીઝ' નો એક કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' દ્વારા ગઝલકાર મરીઝને એક તદ્દન નવી દૃષ્ટિએ રજૂ કરવામાં આવ્યા હતા. 'મિસ્કીન' દ્વારા જણાવવામાં આવ્યું હતું કે મરીઝ એક સમર્થ ગઝલકાર, પતિ, પિતા મરીઝ, શરાબી સંત મરીઝ, ઉમદા માનવી મરીઝ, ગાલેફ, બરબાદ, આવારા મરીઝ એમ કેટલાય મરીઝ ગુજરાતી ગઝલમાં તેમનો નિર્દોષ ચહેરો લઈને ઊભેલા મળી આવે છે. મરીઝે ગુજરાતી ભાષા અને ગુજરાતી ગઝલને લોકોનાં હૃદયમાં ધબકતી રાખવાનો પ્રયાસ કર્યો છે. મરીઝ એટલે ભાષા વગર પણ ભાષાથી કામ લઈ શકે તેવો ગઝલકાર.

● ગાંધીનગર જિલ્લાના આરસોડીયા ગામે તા. ૧૯-૧૧-૨૦૧૭ના રોજ, એક કાવ્ય મહેફિલ કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં રત્નાભાઈ અલગોતર 'નિરાશ' ના કાવ્યસંગ્રહ 'પગથિયું' નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન વિપુલ પટેલ અને શૈલેષ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાવ્ય મહેફિલમાં ગુજરાતના ખ્યાતનામ કવિ અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, ભાવિન ગોપાણી અને તેજશ દવે તથા ગાંધીનગર સાહિત્ય સભાના ઉપપ્રમુખ સંજય થોરાત, વિપુલ પટેલ, કુંતલ નિમાવત, શૈલેષ પંડ્યા દ્વાકા કાવ્ય-કૃતિઓનું પઠન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની વિશિષ્ટતા એ હતી કે કવિઓની મહેફિલમાં ચિત્રકારો સર્વશ્રી વનમાળી ઠાકોર, નલિન સૂચક, નરેન્દ્ર ચૌહાણ, બિપીન પટેલ, ગણેશ વ્યાસ, જિગર પંડ્યાએ લાઈવ ચિત્રો દોરીને કલારસિકોને સંમોહિત કર્યા હતા અને તેમના ચિત્રોનું પ્રદર્શન પણ એક અનેરુ આકર્ષણ બન્યું હતું.

● ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી ૪૯નું અધિવેશન ગુજરાતી સેવા મંડળ, સિકંદરાબાદના યજમાનપદે સિકંદરાબાદ મુકામે તા. ૨૩, ૨૪, ૨૫ ડિસેમ્બર - ૨૦૧૭ના દરમિયાન યોજાશે. જેમાં (૧) ૨૩-૧૪-૧૭ના રોજ સવારે ૧૧.૦૦થી ૧.૩૦ ઉદ્ઘાટન બેઠક. (૨) બપોરે ૩.૦૦ વાગે પ્રથમ બેઠક જેમાં સાહિત્ય અને રાષ્ટ્ર (૩) રાત્રે ૮.૦૦ વાગે સાંસ્કૃતિક કાર્યક્રમ. (૪) તા. ૨૪-૧૨-૨૦૧૭ના રોજ સવારે ૯.૩૦થી ૧૨.૩૦ બીજી બઠકમાં સાહિત્ય સ્વરુપ નાટક (૫) ત્રીજી બેઠક ૩.૦૦થી ૬.૦૦ માં સાર્ધ શતાબ્દી વંદના : કાન્ત (૬) ચોથી બેઠક રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ સાંસ્કૃતિક કાર્યક્રમ (૭) પાંચમી બેઠક તા. ૨૫-૧૨-૨૦૧૭, સવારે ૮.૩૦થી ૧૧.૦૦ આદાન પ્રદાન બેઠક :તેલુગુ - ગુજરાતી (૮) છઠ્ઠી બેઠક ૧૧.૩૦થી સમાપન બેઠક રહેશે.

આ અધિવેશનમાં ભાગ લેવા ઈચ્છતા પ્રતિનિધિઓએ ભોજન-ઉતારા શુલ્ક રૂા. ૪૦૦ તથા પ્રતિનિધિ શુલ્ક મળી રૂા. ૩૦૦ મળી કુલ ૭૦૦ ભરવાના રહેશે. વિદ્યાર્થીઓએ ૫૦% રકમ ભરવાની રહેશે. આ ભોજન - ઉતારા પ્રતિનિધિ શુલ્ક તા. ૧૨-૧૨-૨૦૧૭ સુધીમાં ગુજરાતી સાહિત્ય પરિષદ કાર્યાલય, અમદાવાદ ખાતે ભરી દેવાની રહેશે. ત્યારબાદ સ્થળ પર દોઢો ચાર્જ ચૂકવવાનો રહેશે.

- muljibhaidadhi@gmail.com